सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | ૧૧ | ૦૩ | ૨૦૧૫ |
| નોંધ્યા તારીખ | ૧૧ | ૦૩ | ૨૦૧૫ |
| ફેસલ તારીખ | ૩૧ | ૦૩ | ૨૦૨૨ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૦૦ | ૨૦ |

**<u>મે. વલસાડ ખાતેના મજુર અદાલત નં.૩ ના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી જી.ટી.સોલંકી સાહેબ સમક્ષ, મુ. વલસાડ.</u>**

**<u>રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૬/૨૦૧૫.</u>**

**<u>આંકઃ—૨૨.</u>**

**<u>પ્રથમ પક્ષકારઃ—</u>** એમ. એમ. ટેકનો એન્જીનીયરીંગ,
સર્વે નંબર ૪૫૫, દેસાઈ ફળીયા,
પરિયા, તા. પારડી,જી.વલસાડ.

**<u>—: વિરૂધ્ધ :—</u>**

**<u>બીજા પક્ષકારઃ—</u>** શ્રી દિપકભાઈ આઈ. આહીર,
મુ. પો. પરીઆ, હરીનગર,
તા.પારડી, જી.વલસાડ.

---

**<u>પ્રતિનિધિઓઃ—</u>**
પ્રથમ પક્ષકાર તરફે :— વિદ્વવાન વકીલશ્રી શ્રીકાંત પુરોહીત, જીજ્ઞેશ પુરોહીત.
બીજા પક્ષકાર તરફે :— વિદ્વવાન યુનિયન પ્રતિનિધિશ્રી રામસુરત પ્રજાપતિ

---

**<u>—: એવોર્ડ :—</u>**

(૧) આ કામમાં પક્ષકારો વચ્ચેના ઔદ્યોગિક વિવાદ આઈ.ડી.એકટની કલમ—૧૦(૧)સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડ તરફથી હુકમ ક્રમાંકઃ એચ. એસ. એસ. એચ. એમ. સી. /1510/એ.જે./આઈ.ડી.આર./એફ.૧૯/૨૦૧૫ તા.૦૫/૦૩/૨૦૧૫ના રોજ મજુર અદાલત, વલસાડ ને ન્યાય નિર્ણય અર્થે બીજા પક્ષકારને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃ સ્થાપિત કરવા કે કેમ ? તે માટે રીફર કરવામાં આવેલ છે.

(૨) આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે બીજા પક્ષકાર શ્રી દિપકભાઈ આઈ. આહીરને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોનાં પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૩) આ કામનાં પક્ષકારોને આંક–૦૨ થી નોટીસ કરતા નોટીસની બજવણી અનુક્રમે બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકારને થયેલ છે અને રજી.એ.ડી. એકનોલોજમજેન્ટ આંક–૦૩ અને આંક–૦૪ થી પરત આવેલ છે, આંક–૦૫ બીજા પક્ષકારનાં યુનિયન પ્રતિનિધીશ્રી રામસુરત પ્રજાપતિનું અધિકાર પત્ર રજુ કરેલ છે તથા આંક–૦૬ થી લેખિત માંગણાં નિવેદન રજુ કરેલ છે અને પ્રથમ પક્ષકાર કંપની તરફે વિદ્વવાન વકીલશ્રી શ્રીકાંત પુરોહીત અને જીજ્ઞેશ પુરોહીતનું વકીલ પત્ર રજુ થયેલ છે અને આંક–૦૯ થી જવાબ રજુ કરેલ છે.

(૪) બીજા પક્ષકાર તેમનાં આંક–૦૬નાં માંગણા નિવેદનમાં જણાવે છે કે, બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર કંપનીમાં તા.૦૨/૧૨/૨૦૧૧નાં રોજથી હેલ્પર તરીકે દૈનિક રૂ.૨૫૩/–નાં પગારથી કામ કરતા હતા, કામદારે દાખલ તારીખથી શરૂ કરીને તા.૦૮/૧૧/૨૦૧૪ સુધી સળંગ નોકરી કરેલ છે, કંપનીનાં કામદારો સંગઠીત થઈ "ગુજરાત રાજય કામદાર સેવા સંઘ" નામના યુનિયનના સભ્યો બનેલા અને યુનિયન દ્વારા મજુર કાયદાઓના ભંગ બાબત જેમકે પ્રોવીડંટ ફંડનો કાયદો કંપનીમાં લાગુ પડતો હોવા છતાં કામદારોને પ્રોવીડંન્ટ ફંડના સભ્ય બનાવવામાં આવેલા નહી અને કામદારોનું પ્રોવીડંટ ફંડ કપાતું ન હતું. આ બાબતમાં એક સમજુતી કામદારો અને કંપની વચ્ચે થયેલી જેની રૂએ કામદારોએ દેખાવ પુરતા ખરી હકીકતમાં નહી તે રીતે રાજીનામાં આપવાના અને રાજીનામા આપ્યા છતાં તેમની નોકરીની સળંગતા સાતત્યતા કન્ટીન્યુટી અકબંધ રાખીને રાજીનામાનો દેખાવ કરવામાં આવેલો જે હેઠળ કામદારોએ રાજીનામા આપેલા તે પૈકી આ કામના કામદારે પણ રાજીનામાના તૈયાર કાગળ ઉપર સહી કરેલી પરંતુ તેનાથી કંપનીની નોકરીમાંથી કામદારોને છુટા કરવાના ન હોતા. આમ આવા દેખાવ પુરતા રાજીનામાથી કામદારોના અને આ કામદારની નોકરીનો અંત ગણવાનો ન હોતો તેમ છતાં કંપનીના માલિક ચંપકભાઈ એમ. પટેલ, તરફથી દગો આદરીને, વચન ભંગ કરીને કામદારે સ્વેચ્છાએ નોકરીમાંથી રાજીનામું આપી દીધુ છે અને કામદારે સ્વેચ્છાએ તેમના નોકરીના હકકોનુ ફુલ અને ફાઈનલ પેમેન્ટ સ્વીકારી લીધું છે એમ ગણીને કામદાર સાથે દગો કરીને કંપનીના નોટીસ બોર્ડ ઉપર નોટીસ મુકીને તા.૦૮/૧૧/૨૦૧૪ના રોજથી કામદારની નોકરીનો ગેરકાયદેસર અંત લાવી દીધો છે અને આવી

નોટીસ બોર્ડની નોટીસ અને તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજનો પત્ર લખીને કામદારે તા.૦૧/૧૧/૨૦૧૪ના રોજથી સ્વેચ્છાએ નોકરીમાંથી રાજીનામું આપી દીધું છે એમ બેવડી ચાલ અને દગાબાજી કંપની તરફથી આચરવામાં આવી છે. કંપનીની નોટીસ બોર્ડની નોટીસ મુજબ કામદારની નોકરીનો અંત તા.8/11/2014ના રોજથી લાવવામાં આવ્યા ગણાય. જયારે કંપનીએ લખેલ તા.૧૧/૧૧/૨૦૧૪ના પત્ર મુજબ ખોટી રીતે દગલબાજી ફ્રોડ વચન ભંગ કરીને કહેવાતા રાજીનામાનો અમલ કંપનીએ તેના લાભમાં કરતા સદરહું પત્ર લખ્યો છે તે મુજબ કામદારની નોકરીનો અંત કંપનીએ તા.૦૧/૧૧/૨૦૧૪ના રોજથી કર્યો છે તેમ ગણાય. ઉપરની હકીકતોના સંદર્ભમાં કામદારે સ્વૈચ્છાએ રાજીનામું આપ્યું જ નથી તે સંજોગોમાં કામદારને કામ પર ન રાખીને કંપનીએ કામદારની નોકરીનો અંત ગેરકાયદેસર રીતે લાવ્યો છે. હકીકતમાં કામદારે સ્વેચ્છાએ રાજીનામું આપ્યું જ નથી તે હકીકતના સંદર્ભમાં એટલે કે કાયદેસર રીતે વ્યાજબી રીતે કામદારની નોકરીનો અંત લાવવામાં આવ્યો જ નથી. કંપનીએ તેમના ઉપરોકત તા.11/11/2014ના પત્રમાં કઈ તારીખે કામદારનું રાજીનામું મંજુર કર્યુ છે તેમ પણ જણાતું નથી ત્યારે તા.૦૧/૧૧/૨૦૧૪ના કહેવાતા રાજીનામું કાયદેસર રીતે અસરકારક બને તે પહેલા કામદારે તેમના તા.૨૫/૧૧/૨૦૧૪ના પત્રથી તેવું કહેવાતું રાજીનામું પણ પાછું ખેંચી લીધાનુ જણાવ્યુ છે ત્યારે અને તેમ કરવાનો કામદારને કાયદેસરનો હકક છે તે સંદર્ભમાં પણ કામદારે કાયદેસરનું રાજીનામું આપેલાનું ગણાતુ ન હોય તે રીતે પણ કામદારની નોકરીનો અંત આવી જતો ન હોય. કામદાર તેમની અસલ નોકરી પર ચાલુ રહયા ગણાય છે. કામદારે હકીકતમાં કાયદેસરનું રાજીનામું આપ્યું ન હોવા છતા વિશ્વાસ ભંગ અને દગાખોરી વાપરીને તેને ખરેખર રાજીનામું ગણીને કામદારને નોકરી ઉપર ન લઈને કંપનીએ ગેરકાયદેસરનું અને અન્યાયી તેમજ જુલ્મી પગલું ભરેલું છે જેવું કંપનીનું કૃત્ય લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓડર્સ વિરૂધ્ધનું છે અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું કૃત્ય ગણાય છે. કંપનીએ કામદારને નોકરીમાંથી છુટા કર્યા બાદ કામદારે બીજે અનેક સ્થળોએ કામ મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતાં બીજે કામ મળેલ નથી. કામના અભાવે કામદાર તથા તેમના કુટુંબીજનોને ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહેલ છે. કામદાર હાલ બેકાર છે. કામદારને કંપની ફરજ ઉપર રાખે તો કામદારે આજે પણ ફરજ ઉપર જવા તૈયાર છે. કામદારને કંપનીએ તાત્કાલિક ફરજ ઉપર રાખે તેવી નામદાર કોર્ટને વિનંતી કરેલ છે. કામદારને છુટા કર્યાબાદ કંપનીએ તેમની જગ્યાએ બીજા નવા કામદારોને કામે રાખી તેમનું કામ કાજ ચાલુ રાખેલ છે. આ કામમાં ઉભય પક્ષકારો વચ્ચે જે પત્રવ્યવહાર થયો છે કહેવાતા સમાધાનો વગેરે થયા છે તે તમામ યોગ્ય સમયે કામદાર તરફથી દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરવામાં આવશે. પ્રથમ પક્ષકારની નોકરીમાં સળંગ સર્વિસથી પડેલા દિવસોનાં પુરેપુરા પગાર સાથે તેમજ અન્ય તમામ આનુસાંગિક લાભો સહીત

નોકરીમાં પુનઃસ્થાપિત થવા દાદ માંગેલ છે.

(૫) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૦૯ થી બચાવ રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારની મહત્તમ હકીકતોનો ઈન્કાર કરેલ છે. બીજા પક્ષકારનું માંગણાનું નિવેદન ખરૂં અને કાયદેસરનું નથી, જણાવેલ તમામ ઈબારતોનો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી ભારપુર્વક ઈન્કાર કરવામાં આવે છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા વિરૂધ્ધ હાલનો રેફરન્સ કેસ કરવા કોઝ ઓફ એકશન ઉભુ થયેલ નથી. ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ–૨(એ) મુજબ બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે કહેવાતી છુટા કર્યા તા.૦૮/૧૧/૨૦૧૪ના રોજ કોઈ જ "ઔદ્યોગિક તકરાર" કે મતભેદ ઉભા થયેલ નથી, બીજા પક્ષકારે તા.૦૧/૧૧/૨૦૧૪ના રોજ કંપનીની નોકરીમાંથી સ્વૈચ્છાએ લેખિત રાજીનામું આપેલ હતું અને ત્યારબાદ ૧૧/૧૧/૨૦૧૪ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી બીજા પક્ષકારે આપેલ રાજીનામું મંજુર કર્યુ હતું, તે અંગેની જાણ બીજા પક્ષકારને રજી.એડી.પોસ્ટ મારફતે પત્ર મોકલાવી કરેલ હતી તા.૧૪/૧૫–૧૧–૨૦૧૪ના રોજ બીજા પક્ષકાર તરફથી તેઓની નોકરી અંગેના હકકોના નાંણા પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી મેળવી લીધેલ છે અને તે અંગેની પહોંચ પણ પ્રથમ પક્ષકાર સંસ્થાની બીજા પક્ષકાર તરફથી લખી આપવામાં આવેલ છે. જે હકીકતમાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે "કામદાર અને માલિક" તરીકેનો સબંધેનો તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજથી કાયમી અંત આવેલ હતો. જેથી બીજા પક્ષકાર તરફથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૮/૧૧/૨૦૧૪ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી છુટા કરવાનો કોઈ જ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માંગણાના નિવેદનમાં જણાવેલ કહેવાતી નોકરીમાંથી છુટા કર્યા તા.૦૮/૧૧/૨૦૧૪ ના એક વર્ષ અગાઉ ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૨૫(બી) મુજબ સળંગ ૨૪૦ દિવસ નોકરીની ફરજ બજાવેલ નથી. બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ "ટર્મ્સ ઓફ રેફરન્સ" મુજબ હાલનો રેફરન્સ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની અનુસુચિ–૨ની આઈટમ નં.૩ અને અનુસુચિ–૩ની આઈટમ નં. ૧૦ હેઠળ રીફર કરવામાં આવેલ છે અને અત્રે નામદાર મજુર અદાલતને ફકત ઉપરોકત બાબતેનો જ ન્યાય–નિર્ણય કરવાની હકુમત છે. ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની અનુસુચિ–૨ની આઈટમ નં.૩માં "કામદારોને છુટા કરવા અથવા બરતરફ કરવા બાબત તેમજ ગેરકાયદે બરતરફ કરેલ કામદારને ફરીથી કામ ઉપર લેવા બાબત અથવા તેને રાહત આપવા" બાબતે છે તથા અનુસુચિ–૩ની આઈટમ નં.૧૦ "કામદારોની છટણી તથા ગેરકાયદેસર ઔદ્યોગિક સંસ્થા બંધ થવા" બાબતે છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી બીજા પક્ષકારને તા.૦૮/૧૧/૨૦૧૪ના રોજ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ–(ઓઓ) મુજબ "છટણી"

કરેલ નથી કે બીજા પક્ષકારની તે બાબતે કોઈ જ તકરાર નથી. ઉલટ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ–(ઓઓ)(એ) મુજબ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી તા.૦૧/૧૧/૨૦૧૪ના રોજ સ્વૈચ્છાએ લેખિત રાજીનામું આપી તા.૧૪/૧૧/૨૦૧૪ના રોજ તેમની નોકરી અંગેના તમામ હકકોના નાંણા મેળવી લીધેલ હોય, બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર કંપની વચ્ચે ટર્મ્સ ઓફ રેફરન્સની કહેવાતી તકરારની તારીખે કોઈ જ "ઔદ્યોગિક તકરાર" આસ્તિત્વ ધરાવતી ન હતી,બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ–(ઓઓ) મુજબ "છટણી" કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે નોકરીમાંથી મૌખિક કે લેખિત છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે પક્ષકારો વચ્ચે "ઔદ્યોગિક તકરાર" અસ્તિત્વમાં ન હતી. પ્રથમ પક્ષકારે મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડ સમક્ષ તા.૧૨/૦૧/૨૦૧૫ના રોજ લેખિત જવાબ રજુ કરેલ હતો. જે હકીકતો ધ્યાને લઈ મહે. મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડ તરફથી એકતરફી રીતે અને માઈન્ડ એપ્લાય કર્યા વિના મીકેનીકલ ધોરણે બીજા પક્ષકારનો હાલનો ગેરકાયદેસરનો, ગેરવ્યાજબી રેફરન્સ કેસ અત્રે નામદાર અદાલતને ન્યાય નિર્ણય અર્થે રીફર કરવામાં આવેલ છે. ઉપરોકત હકીકતમાં, મહે. મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડને પ્રથમ પક્ષકાર સંસ્થા વિરૂધ્ધ આવો વેગ રેફરન્સ કેસ અત્રે મજુર અદાલતને ન્યાય નિર્ણય અર્થે રીફર કરવા કોઈ જ હકુમત નથી. જેથી બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ કેસ કાયદેસર રીતે પ્રથમ પક્ષકાર સંસ્થા વિરૂધ્ધ ચાલી શકતો નથી. બીજા પક્ષકારના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતો સાબિત કરવી જોઈએ. પ્રથમ પક્ષકાર સંસ્થામાં <u>તા.૦૨/૧૨/૨૦૧૧</u>ના રોજથી <u>હેલ્પર</u> તરીકે દૈનિક રૂા.૨૫૩/– ના પગારથી કાયમી કામદાર તરીકે કામ કરતા હોવાની અને બીજા પક્ષકાર કામદાર હોવાની અને પ્રથમ પક્ષકાર ઉદ્યોગ હોવાની અને દાખલ તારીખથી શરૂ કરીને કહેવાતી નોટીસ મુકીને કહેવાતા છુટા કરી દેવામાં આવેલ હોવાની અને ત્યાં સુધીમાં તા.૦૮/૧૧/૨૦૧૪ સુધી બીજા પક્ષકારે આઈ.ડી.એકટ ૧૯૪૭ ની કલમ–૨૫(બી) મુજબ સળંગ–કન્ટીન્યુસ નોકરી કરેલ હોવાની અને જણાવેલ તમામ ઈબારતો ખરી નથીં અને કામદારોનું પ્રો. ફંડ કપાતું ન હોવાની અને આ બાબતે કામદારો અને પ્ર થમ પક્ષકાર સંસ્થા વચ્ચે સમજુતી થયેલ હોવાની અને તે કહેવાતી સમજુતીની રૂએ કામદારોને દેખાવ પુરતા ખરી હકીકતમાં નહી તે રીતે રાજીનામું આપવાના અને રાજીનામા આપ્યા છતાં તેમની નોકરી સળંગતા સાતત્યતા કન્ટીન્યુટી અકબંધ રાખી રાજીનામું આપવાનો કહેવાતો દેખાવ કરવામાં આવેલ હોવાની અને કામદારોએ રાજીનામા આપેલ હોવાની અને તે પૈકીના બીજા પક્ષકાર કામદારે પણ રાજીનામું આપેલ હોવાની અને તૈયાર કાગળ પર સહી કરેલ હોવાની અને તેનાથી પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી છુટા કરવાના ન હોવાની અને આમ દેખાવ પુરતા રાજીનામાથી કામદારોના અને કામદારોની નોકરીનો અંત

આણવાનો ન હોવાની અને પ્રથમ પક્ષકાર સંસ્થાના માલિક ચંપકભાઈ એમ. પટેલ તરફથી કહેવાતો દગો આચરેલ હોવાની અને કહેવાતું વચનભંગ કરેલ હોવાની અને બીજા પક્ષકારે સ્વૈચ્છાએ રાજીનામું આપી દીધેલ હોવાની અને બીજા પક્ષકારે સ્વૈચ્છાએ તેમની નોકરી અંગેના હક હિસ્સાનું "ફુલ એન્ડ ફાઈનલ" પેમેન્ટ સ્વીકારી લીધેલ હોવાની અને બીજા પક્ષકારે સ્વૈચ્છાએ રાજીનામું આપેલ ન હોવાની અને કાયદેસર અને વ્યાજબી રીતે બીજા પક્ષકારની નોકરીનો અંત લાવેલ ન હોવાની અને રાજીનામું અસરકારક બને તે પહેલા બીજા પક્ષકારે તા.૨૫/૧૧/૨૦૧૪ના પત્રથી રાજીનામું પરત ખેચી લીધેલ હોવાની અને ત્યારે અને તેમ કરવાનો બીજા પક્ષકારને કાયદેસર હકક હોવાની અને તે સંદર્ભમાં બીજા પક્ષકારે કાયદેસર રાજીનામું આપેલ ન હોવાનું અને બીજા પક્ષકારની નોકરીનો અંત આવી જતો ન હોવાની બાબતોનો ભારપુર્વક ઈન્કાર કરી જણાવેલ છે કે, બીજા પક્ષકાર હાલ બેકાર હોવાની અને ફરજ પર હાજર રહેવા તૈયાર હોવાની અને બીજા પક્ષકારને નોકરીમાંથી કહેવાતા છુટા કર્યા બાદ તેમની જગ્યાએ બીજા નવા કામદારોને રાખી પ્રથમ પક્ષકાર સંસ્થાનું કામકાજ ચાલુ રાખેલ હોવાની જણાવેલ તમામ ઈબારતો પ્રથમ પક્ષકાર સંસ્થાને કબુલ મંજુર નથી. ખરી હકીકત એવી છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા હોઈસ્ટ, ઈ.ઓ.ટી. અને એચ.ઓ.ટી. ક્રેન, લીફટ, મટીરીયલ હેન્ડલીંગ ઈકવીપમેન્ટ તથા બીલ્ડીંગ તૈયાર કરવા માટેનો સમાન વગેરેનું ઉત્પાદન કરવામાં આવે છે તથા તે કામ જોબવર્ક મારફતે કરવામાં આવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને લાગુ પડતા મજુર કાયદાનું પાલન કરવામાં આવે છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીની ફરજ બજાવતા હતા. બીજા પક્ષકારે પોતાના અંગત કારણોસર સ્વૈચ્છાએ રાજીખુશીથી પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી તા.૦૧/૧૧/૨૦૧૪ના રોજ લેખિત રાજીનામું આપેલ હતું જે રાજીનામું પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી મંજુર કરવામાં આવેલ હતું. તથા તે અંગેની જાણ બીજા પક્ષકારને તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજ રજી.એ.ડી. પોસ્ટ મારફતે પત્ર મોકલાવી કરવામાં આવેલ હતી. ત્યારબાદ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં આવી પોતાની નોકરી અંગેના તમામ હકકો નાંણા પણ મેળવી લીધેલ હતા તથા તે બદલ પ્રથમ પક્ષકાર સંસ્થાને વાઉચર ઉપર સહી કરી આપેલ હતી. જે હકીકતમાં તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચેના "કામદાર અને માલિક" તરીકેના સંબંધેનો કાયમી અંત આવેલ હતો. આમ બીજા પક્ષકારે અંગત કારણોસર સ્વૈચ્છાએ પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી રાજીનામું આપી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીનો ત્યાગ કરેલ હતો. બીજા પક્ષકારે અત્રે નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી તા.૦૮/૧૧/૨૦૧૪ના રોજ નોકરીમાંથી છુટા કરેલ હોવાની જણાવેલ તમામ હકીકતો તદ્દન ખોટી છે ઉલટ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં

તા.૦૮/૧૧/૨૦૧૪ના રોજ કામ કરેલ ન હોય, બીજા પક્ષકારને તે રોજ નોકરીમાંથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જે હકીકતમાં બીજા પક્ષકારે સ્વૈચ્છાએ પ્રથમ પક્ષકાર સંસ્થાની રાજીનામું આપ્યા બાદ ફકત નાંણા કઢાવવાના એકમાત્ર ઉદ્દેશથી હાલનો ખોટો અને ગેરકાયદેસરનો રેફરન્સ કેસ અત્રે નામદાર કોર્ટને રીફર કરાવેલ છે. બીજા પક્ષકાર હાલનાં રેફરન્સનાં કામે કોઈપણ દાદ માંગવા કે મેળવવા હકકદાર બનતા નથી જેથી બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ ખર્ચ સહીત રદ્દ કરવા જવાબમાં જણાવવામાં આવેલ છે.

(૬) આ કામનાં બીજા પક્ષકાર કામદાર તરફે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**–: બીજા પક્ષકારનો મૌખિક પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૧. | બીજા પક્ષકાર શ્રી દિપકભાઈ ઈશ્વરભાઈ હળપતિનું સરતપાસનું સોગંદનામુ. | આંક–૧૧ |

**–: બીજા પક્ષકાર તરફે આંક–૦૭ થી રજુ દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | નિશાની | વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૦૭/૧ | બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને રજી. એ.ડી. થી મોકલેલ માંગણાનાં નિવેદનની નકલ જે પ્રથમ પક્ષકારને મળી જતા પરત આવેલ એકનોલોજમેન્ટ. | –– |

**–: બીજા પક્ષકાર કામદારનો આંક–૧૦ થી દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | નિશાની | દસ્તાવેજની વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૧૦/૧ | કામદારો યુનિયનમાં જોડાયા તે બાબતના પત્રની નકલ. | ૨૪/૧૧/૨૦૧૪ |
| ૨. | ૧૦/૨ | બીજા પક્ષકારના યુનિયને પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૨૭/૧૧/૨૦૧૪ |
| ૩. | ૧૦/૩ | ઉપરોકત નિશાની ૨ નો પત્ર પ્રથમ પક્ષકારને મળી જતાં પરત આવેલ એકનોલેજમેન્ટની નકલ. | ––– |
| ૪. | ૧૦/૪ | પ્રથમ પક્ષકારે સમજુતી બાબતે લખેલ પત્રની નકલ. | ૨૦/૦૧/૨૦૧૪ |
| ૫. | ૧૦/૫ | કામદારે લખેલ પત્રની નકલ. | ––– |
| ૬. | ૧૦/૬ | લેબર ઓફીસર રાવલસાહેબ સમક્ષ થયેલ સમાધાનની નકલ. | ૨૦/૦૨/૨૦૧૪ |
| ૭. | ૧૦/૭ | લેબર ઓફીસર નાયક સાહેબ સમક્ષ થયેલ સમાધાનની નકલ. | ૨૬/૦૫/૨૦૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૮. | ૧૦/૮ | બીજા પક્ષકારના યુનિયને જી.એલ.ઓ.ને લખેલ પત્રની નકલ. | ૨૯/૧૧/૨૦૧૪ |
| ૯. | ૧૦/૯ | પ્રથમ પક્ષકારે નોટીસ બોર્ડ ઉપર મુકેલ નોટીસની નકલ. | ૦૭/૧૧/૨૦૧૪ |
| ૧૦. | ૧૦/૧૦ | બી.પક્ષકારે પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૨૫/૧૧/૨૦૧૪ |
| ૧૧. | ૧૦/૧૧ | ઉપરોકત નિશાની ૧૦ નો પત્ર પ્ર.પ. ને રજી. પોસ્ટથી મોકલેલ તેની મની રસીદની નકલ. | ——— |
| ૧૨. | ૧૦/૧૨ | બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૧૬/૧૨/૨૦૧૪ |
| ૧૩. | ૧૦/૧૩ | ઉપરોકત નિશાની ૧૨ નો પત્ર પ્રથમ પક્ષકારને રજી. થી મોકલેલ તેની મની રસીદની નકલ. | ——— |

**<u>—: બીજા પક્ષકાર કામદારનો આંક—૧૫ થી દસ્તાવેજી પુરાવો :—</u>**

| ક્રમ | નિશાની | દસ્તાવેજની વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૧૫/૧ | બીજા પક્ષકારનાં બેંક પાસબુકની નકલ. | —— |
| ૨. | ૧૫/૨ | બીજા પક્ષકારનાં આધાર કાર્ડની નકલ. | —— |
| ૩. | ૧૫/૩ | બીજા પક્ષકારનાં પાન કાર્ડની નકલ. | —— |

(૭) આ કામે પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>—: પ્રથમ પક્ષકારનો મૌખિક પુરાવો :—</u>**

| | | |
|---|---|---|
| ૧. | પ્રથમ પક્ષકારનાં સાહેદ મનોજ ચંપકલાલ પટેલનું સરતપાસનું સોગંદનામુ. | આંક—૧૮ |

**<u>—: પ્રથમ પક્ષકાર તરફે આંક—૧૨ થી દસ્તાવેજી પુરાવો :—</u>**

| ક્રમ | નિશાની | દસ્તાવેજોની વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૧૨/૧ | બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી આપેલ રાજીનામાની અસલ. | ૦૧/૧૧/૨૦૧૪ |
| ૨. | ૧૨/૨ | પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી બીજા પક્ષકારનું રાજીનામું મંજુર કર્યા બાબતે રજી. એ.ડી. પોષ્ટથી મોકલાવેલ પત્રની સ્થળપ્રત. | ૧૧/૧૧/૨૦૧૪ |
| ૩. | ૧૨/૩ | ઉપરોકત અનુક્રમ નં.૨ બીજા પક્ષકારને રજી. એ.ડી.પોષ્ટથી કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ. | ૧૪/૧૧/૨૦૧૪ |
| ૪. | ૧૨/૪ | ઉપરોકત અનુક્રમ નં.૨ બીજા પક્ષકારને રજી. એ.ડી.પોષ્ટથી કર્યા | —— |

| | | | |
|---|---|---|---|
| | | અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ. | |
| ૫. | ૧૨/૫ | બીજા પક્ષકારે તા.૨૫/૧૧/૨૦૧૪નાં રોજ મોકલાવેલ પત્રનાં અનુસંધાને પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને રજી. એ.ડી. પોષ્ટથી મોકલાવેલ જવાબની સ્થળપ્રત. | ૦૧/૧૨/૨૦૧૪ |
| ૬. | ૧૨/૬ | ઉપરોકત અનુક્રમ નં.૫ બીજા પક્ષકારને રજી. એ.ડી.પોષ્ટથી કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ. | ૦૩/૧૨/૨૦૧૪ |

(૮) આ કામે બીજા પક્ષકાર તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય તેમ જાહેર કરી આંક–૧૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ હતી અને પ્રથમ પક્ષકાર કંપની તરફે આંક–૧૯ થી વધુ પુરાવો જાહેર કરવા માંગતા ન હોય કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલી હતી.

(૯) આ કામે બીજા પક્ષકાર તરફે આંક–૨૦ થી પુરસીસ આપી જણાવેલ છે કે, રેફરન્સ કેસ નં.૨૩/૨૦૧૫નાં કામે રજુ કરેલ લેખીત દલીલ આ કામે ધ્યાનમાં લેવા રજુ કરેલ છે અને પ્રથમ પક્ષકાર કંપની તરફે આંક–૨૧ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. બન્ને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલા ચુકાદાઓ વંચાણે લેવામાં આવેલ છે.

(૧૦) આ કામે બીજા પક્ષકારે રેફરન્સ કેસ નં.૨૩/૨૦૫નાં કામે રજુ કરેલ લેખીત દલીલમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર કંપનીએ તા.૦૭/૧૧/૨૦૧૪ની નોટીસ મુકીને તા.૦૮/૧૧/૨૦૧૪નાં રોજ નોકરીમાંથી છુટા કરી દીધેલા છે, કંપનીનું એવું કહેવું છે કે કામદારે સ્વૈચ્છાએ તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજ રાજીનામું આપી હીસાબ લઈ છુટા થઈ ગયેલા છે, બીજા પક્ષકારે દલીલમાં જણાવેલ છે કે પ્રથમ એ તપાસવું જોઈએ કે કામદારે સ્વૈચ્છાએ રાજીનામું આપ્યું છે કે દગો, છેતરપીંડી કરીને રાજીનામું લખાવી લઈ તેનો દુરપયોગ કરેલ છે, આવું રાજીનામું કાયદાનાં અર્થઘટનમાં રાજીનામું ગણી શકાય નહી અને રાજીનામાની રૂએ કામદારની નોકરીનો અંત લાવવાનું કંપનીનું પગલું ગેરકાયદેસર છે, રાજીનામું છપાવવામાં આવેલું છે તેમાં ખાલી જગ્યાઓ પુરીને જે તે કામદારની સહીઓ લેવામાં આવેલી છે, આ એક કામદારનાં રાજીનામાની વાત નથી સામુહીક રાજીનામાની વાત છે, પ્રશ્ન એ થાય કે પોતાની જીવન દોરી જેવી નોકરી છોડીને કામદારો સામુહીક રાજીનામા શા માટે આપે ? બીજા પક્ષકાર કામદાર દ્વારા તા.૨૩/૦૨/૧૭નાં રોજ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટનાં નિશાની ૬, ૭ અને ૯ ઉપરથી સ્પષ્ટ થશે કે પ્રોવીડન્ડ ફંડની રકમ કામદારોનાં પગારમાંથી કાપતા ન હતા એટલે કે તેમને પ્રોવીડન્ડ ફંડનાં સભ્યો બનાવ્યા ન હોય તો

અગાઉનાં વર્ષોનો પ્રોવીડન્ડનો ફાળો માલીકે ભરવાનો આવે અને દંડ પેનલ્ટી થાય તેમાંથી વચલો રસ્તો કાઢવાનાં ઈરાદે સરકારી મજુર અધિકારી સમક્ષ સમાધાન કરીને તેનાં સંદર્ભમાં આ સામુહીક રાજીનામા એવી સમજુતી સાથે લેવાયેલ કે તેનો ખરો અમલ કંપનીએ કરવાનો નથી, કંપનીને બચાવવા માટેની સમજુતી રૂપે રાજીનામા ગણવાનાં છે તેને બદલે કંપનીએ દગો કરીને તા.૦૧/૧૧/૨૦૧૪નાં ખોટા રાજીનામાનો ઉપયોગ કરીને કામદારોની નોકરીનો ભોગ લીધેલો છે અને તા.૦૭/૧૧/૨૦૧૪ની નોટીસ મુકવાનો અર્થ ન રહેવા છતાં કંપનીએ મુકી તેમનાં ગુનાહીત માનસનું પ્રદર્શન કરેલ છે. તા.૦૭/૧૧/૨૦૧૪ની નોટીસથી કામદારની નોકરીનો અંત ગેરકાયદેસર રીતે સાંભળવાની તક કુદરતી ન્યાયનાં સિધ્ધાંત મુજબ, લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓોડર્સની જોગવાઈઓ હેઠળ કોઈ ગેરવર્તણુંક કરી હોય તો તેની ખાતાકીય તપાસ કર્યા વીના નોકરીનો અંત લાવવામાં આવેલો હોય જેથી પણ કામદાર નોકરીમાં ચાલુ રહયા ગણાય. લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડસ પૈકી કામનાં દિવસોનો મહીનો પુરો થયા બાદ નોકરી ઉપરથી છુટ્ટા થવું હોય ત્યારે એક માસની નોટીસ આપવી જોઈએ અને મહીનો પુરો થયા બાદ રાજીનામું અમલમાં આવે છે તે પહેલા તેવું રાજીનામું પાછું ખેંચવાનો કામદારને અધિકાર રહે છે. આ કામમાં કામદારે કહેવાતું રાજીનામું તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજ આપેલું એ બાદ તા.૩૦/૧૧/૨૦૧૪નાં રોજ અમલી થાય તે પહેલા તા.૨૫/૧૧/૨૦૧૪નાં પત્ર થી પાછું ખેંચી લીધું હોય કામદાર નોકરી ઉપર ચાલું રહયા ગણાય તેમ જણાવી નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરેલ છે.

1. 1991, LLR, Page No.671, Kerala High Court, T.P. Shivdas Vs. Kerala State Handloom Corporation.

2. 1993, LLR Page No.560, Madhya Pradesh High Court, Reva Sidhi Gramin Bank & Ors. Vs. Rajendra Prasad Saxena.

3. 1990, LLR Page No.10, Patna High Court, Tata Robins Fraser Company Ltd. Vs. The Presiding Officer, Labour Court, Jamshedpur.

4. 2004 (102) FLR Page No.680, Jharkhand High Court, Rajendra Bhagat and Ors. Vs. The Labour Court and Ors.

5. 2003 (4) LLN 315, Gujarat High Court, University Granth Nirman Board Vs. Udesinh Togaji Solanki.

6. 1997 LIC Page No.2040, Punjab & Haryana High Court, Jagmalsing Vs. Presiding Officer, Labour Court, Haryana, Rohatak

7. 1995 LLR 247, Bombay High Court, Sundar Lal Dhanraj Kasliwal vs. Karmaveer Kakasaheb Wagh Sakhar Ltd & Ors.

(૧૦.૧) આ કામે પ્રથમ પક્ષકાર કંપની તરફે કરવામાં આવેલી મૌખિક દલીલો તથા રજુ કરવામાં આવેલી આંક–૨૧ની લેખીત દલીલ વંચાણે લેવામાં આવેલ છે. આ કામનાં પ્રથમ પક્ષકાર તેમની દલીલમાં જણાવે છે કે, આ કામનાં બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી તા.૦૮/૧૧/૨૦૧૪નાં રોજ ગેરકાયદેસર છુટ્ટા કરેલાનું જણાવી મદદનીશ મજુર કમિશ્નર સમક્ષ કરેલ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર કંપનીએ હાજર રહી તા.૧૨/૦૧/૨૦૧૫નાં રોજ લેખીત જવાબ રજુ કરેલો, બીજા પક્ષકારે માંગણા નિવેદનમાં જણાવેલી રજુઆત ખોટી છે ખરી હકીકતમાં બીજા પક્ષકારે રાજીનામું આપેલું તેમ છતાં તેમની નોકરી સળંગ જણાવેલ છે, બીજા પક્ષકારે રાજીનામું આપેલ હોવાની અને તૈયાર કાગળમાં સહી કરેલ હોવાની તથા પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી છુટ્ટા કરવાનાં ન હોવાની અને દેખાવ પુરતા રાજીનામાની પ્રથમ પક્ષકાર સંસ્થાનાં માલીક ચંપકભાઈ એમ. પટેલ તરફથી દગો આચરેલ હોવાની વાત જણાવેલ છે જે ખોટી છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હતા અને બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી અંગત કારણોસર સ્વૈચ્છીક લેખીત રાજીનામું તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજ આપેલુ જે રાજીનામા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી મંજુર કરવામાં આવેલુ અને તે અંગેની જાણ બીજા પક્ષકારને તા.૧૧/૧૧/૨૦૪નાં રોજ રજી.એ.ડી. પોષ્ટ મારફતે પત્ર મોકલાવી કરવામાં આવેલી જેથી તા.૧૧/૧૧/૨૦૧૪નાં રોજથી બીજા પક્ષકાર કામદાર અને સંસ્થા વચ્ચે કામદાર–માલિકનાં સંબધનો અંત આવી ગયેલો, બીજા પક્ષકારે અંગત કારણોસર સ્વૈચ્છાએ રાજીનામું આપી તેમની નોકરી અંગેનાં હકક–હિસ્સાનું ફુલ એન્ડ ફાઈનલ પેમેન્ટ સ્વીકારી લીધેલ છે. જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાનાં તા.૦૮/૧૧/૨૦૧૪નાં રોજ નોકરીમાંથી છુટ્ટા કરેલાનું ઉપજાવી કાઢેલ છે. બીજા પક્ષકારે તા.૦૮/૧૧/૨૦૧૪નાં રોજ કામ કરેલ ન હોય નોકરીમાંથી છુટ્ટા કરવાનો પ્રશ્ન જ નથી. બીજા પક્ષકારનાં રાજીનામું અસલ આંક–૧૨નાં દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી રજુ છે, જેમાં બીજા પક્ષકારની સહી હોવાનો સ્વીકાર કરેલ છે, રાજીનામું પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા મંજુર કરવામાં આવેલ છે અને તેની જાણ બીજા પક્ષકારને કરવામાં આવેલ છે બીજા પક્ષકાર કામદારે રાજીનામું આપેલ હોય બીજા પક્ષકારને કયારેય નોકરીમાંથી છુટ્ટા કરવાનો, કાઢી મુકવાનો, છટણી કરવાનો કે બરતરફ કરવાનો

કોઈ લેખીત કે મૌખિક હુકમ આપેલ નથી, જેથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા દલીલ કરેલ છે તથા પ્રથમ પક્ષકાર કંપની તરફે નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરેલ છે.

1. 1990 Lab. I.C. 1511, M/s J.K. Cotton Spg. Wvg. Mills Company Ltd. Kanpur Vs. Vs. State of U.P. & Anr.

2. 2003 LLR 147, Bombay High Court, Laffans India Pvt. Ltd. Vs. Pancham Singh Rawat & Another.

3. 2008 LLR 56, Rajasthan High Court, Manager, M/s Selection Synthetics Ltd. Vs. Labour Court, Bhilwara and Another.

4. 2006 III CLR 674, Supreme Court of India, Chand Mal Chayal Vs. State of Rajasthan.

5. 2003 LLR 583, Supreme Court of India, North Zone Cultural Centre & Anr. Vs. Vedpathi Dinesh Kumar.

(૧૧) આ કામનાં બન્ને પક્ષકારો દ્વારા રજુ કરેલા પુરાવા, દસ્તાવેજો અને દલીલો ધ્યાને લેતા આ કેસનાં ન્યાય–નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**<u>મુદ્દા નં. ૧.</u>** શું બીજા પક્ષકાર કામદાર એ હકીકત પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓને છુટ્ટા કરતા અગાઉનાં બાર માસમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ છે ?

**<u>મુદ્દા નં. ૨.</u>** શું પ્રથમ પક્ષકાર સંસ્થા પુરવાર કરે છે કે, બીજા પક્ષકાર કામદારે સ્વૈચ્છાએ રાજીનામું આપી નોકરીનો ત્યાગ કરેલ છે ?

**<u>મુદ્દા નં. ૩ :</u>** શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ પણ જાતની ઔદ્યોગિક વિવાદ અધિનીયમની જોગવાઈઓ અનુસર્યા સિવાય બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટ્ટા કરેલ છે ?

**<u>મુદ્દા નં. ૪ :</u>** શું બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનાં પુરા પગાર સહીત નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર છે ?

**<u>મુદ્દા નં. ૫ :</u>** શું હુકમ ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧ :</u>** હકારમાં.

**<u>મુદ્દા નં. ૨ :</u>** હકારમાં.

**<u>મુદ્દા નં. ૩ :</u>** નકારમાં.

**<u>મુદ્દા નં. ૪ :</u>** નકારમાં.

**<u>મુદ્દા નં. ૫ :</u>** આખરી હુકમ મુજબ.

(૧૩) ઉપરોકત જવાબો અંગેનાં મારા કારણો નીચે મુજબ છે.

**<u>– : કારણો :–</u>**

**<u>મુદ્દા નં. ૧:–</u>**

| |
|---|
| શું બીજા પક્ષકાર કામદાર એ હકીકત પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓને છુટ્ટા કરતા અગાઉનાં બાર માસમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ છે ? |

(૧૪) આ કામનાં બીજા પક્ષકાર તેમનાં માંગણા નિવેદનમાં જણાવે છે કે, બીજા પક્ષકાર કંપનીમાં તા.૦૨/૧૨/૨૦૧૧નાં રોજ થી હેલ્પર તરીકે દૈનિક રૂ.૨૫૩/–નાં પગારથી કાયમી કામદાર તરીકે કામ કરતા હતા અને નોટીસ મુકીને છુટ્ટા કરી દેવામાં આવ્યા ત્યાં સુધી તા.૦૮/૧૧/૧૪ આઈ.ડી.એકટની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી છે. જયારે પ્રથમ પક્ષકાર તેમનાં લેખીત જવાબમાં જણાવે છે કે, બીજા પક્ષકાર કામદારે તા.૦૧/૧૧/૧૪નાં રોજ પ્રથમ પક્ષકાર સંસ્થાની

નોકરીમાંથી સ્વૈચ્છાએ લેખિત રાજીનામું આપેલુ અને બાદમાં તા.11/11/2014નાં રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકાર દ્વારા અપાયેલ રાજીનામું મંજુર કરેલ અને બીજા પક્ષકારને રજી.એ.ડી. પોષ્ટ મારફતે પત્ર મોકલાવી જાણ કરેલી, તા.૧૪–૧૫/૧૧/૨૦૧૪નાં રોજ બીજા પક્ષકાર તરફથી તેઓનાં નોકરી અંગેનાં હકકોનાં નાંણા પ્રથમ પક્ષકાર પાસેથી મેળવી લીધેલા અને તે અંગેની પંહોચ બીજા પક્ષકારને લખી આપવામાં આવેલી જેથી તા.૧૧/૧૧/૨૦૧૪નાં રોજથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર–માલિકનાં સંબધનો અંત આવેલો તેમ જણાવે છે.

(૧૪.૧) આમ, ઉપરોકત બન્ને પક્ષકારોની તકરાર લક્ષમાં લેતા આ કામનાં બીજા પક્ષકાર જણાવે છે કે તેઓ એ તા.૦૨/૧૨/૨૦૧૧ થી તા.૦૮/૧૧/૨૦૧૪ સુધી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરેલી છે જે સામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમનાં જવાબમાં સમયગાળા બાબતે કોઈ તકરાર લીધેલી નથી પંરતુ બીજા પક્ષકારે તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજ સ્વૈચ્છાએ રાજીનામું આપેલ છે તેવું જણાવેલ છે, આમ, આ સંજોગોમાં બીજા પક્ષકારની નોકરીનો અંત આવેલ છે જેથી બીજા પક્ષકારની નોકરીનાં અંત સમયે તેઓ ઔદ્યોગિક વિવાદ અધિનીયમની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરીમાં હતા કે નહીં તે નકકી કરવાનું રહે છે. જે બાબતે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) વંચાણે લેતા એક વર્ષ અથવા છ મહીનાંની સળંગ નોકરીમાં ન હોય ત્યારે કામદારે છુટા કરેલ તે તારીખથી છેલ્લા ૧૨ માસમાં ૨૪૦ દિવસથી ઓછા નહીં તેટલા દિવસો સુધી સંસ્થામાં કામ કરેલ છે તેવું પુરવાર કરવાનું રહે છે.

(૧૪.૨) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર બીજા પક્ષકાર તેમનાં પુરાવા સોંગદનામામાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૨/૧૨/૨૦૧૧નાં રોજ નોકરીમાં જોડાયા અને તેમને તા.૦૮/૧૧૨૦૧૪નાં રોજ નોકરીનો અંત આવેલ છે. જે સામે પ્રથમ પક્ષકાર સંસ્થા તેમનાં લેખીત જવાબમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાં ન હતા તે અંગે તકરાર લીધેલ નથી પંરતુ નોકરીમાં છુટા થયાની તારીખ અંગે તકરાર લીધેલી છે. આમ, બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કુલ મળીને એક વર્ષ ઉપરાંતની નોકરી કરેલી છે તેવું જણાઈ આવે છે. જેથી બીજા પક્ષકાર કામદારની નોકરીને ઉપરોકત કલમ–૨૫(બી)(૧)ની જોગવાઈઓ લાગુ પડે છે તેમ જણાઈ આવે છે. જયારે કલમ–૨૫(બી)(૨)ની જોગવાઈઓ બાર માસ કરતા ઓછા સમયની નોકરી હોય ત્યારે બીજા પક્ષકારે તેમને છુટા કર્યા તારીખ પહેલાનાં ૧૨ માસનાં સમય દરમ્યાન ૨૪૦ દિવસ ફરજ બજાવેલ હોય ત્યારે લાગુ પડે છે જે સામે આ કામનાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને છુટા કર્યાનાં ૧૨ માસનાં સમય દરમ્યાન ૨૪૦ દિવસ ફરજ બજાવેલ

નહીં હોવાની કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી. આમ, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાં છેલ્લા ૧૨ માસ ઉપરાંતનાં સમય થી સળંગ નોકરીમાં હતા તેમ જણાઈ આવે છે જેથી બીજા પક્ષકાર ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરીમાં હતા તેવું ઠરાવવામાં આવે છે જેથી <u>મુદ્દા નં. ૧નો જવાબ હકારમાં</u> આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨:–</u>**

| |
|---|
| શું પ્રથમ પક્ષકાર સંસ્થા પુરવાર કરે છે કે, બીજા પક્ષકાર કામદારે સ્વૈચ્છાએ રાજીનામું આપી નોકરીનો ત્યાગ કરેલ છે ? |

(૧૫) આ મુદા અંગે બીજા પક્ષકાર કામદારનો આક્ષેપ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ છળકપટ કરી રાજીનામું લખાવી નોકરીમાંથી ગેરકાયદેસર છુટ્ટા કરેલ છે કે કેમ. આ અંગે બીજા પક્ષકાર તેમનાં માંગણા નિવેદનામાં જણાવે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને પ્રોવીડન્ડ ફંડનો કાયદો કંપનીમાં લાગુ પડતો હોવા છતાં કામદારોને સભ્ય બનાવવામાં આવેલા નહી, કામદારોનું પ્રોવીડન્ડ ફંડ કપાતુ ન હતુ, આ બાબતમાં કંપની અને કામદારો વચ્ચે થયેલી સમજુતીની રૂએ કામદારોએ દેખાવ પુરતા ખરી હકીકતમાં નહીં તે રીતે રાજીનામાં આપવાનાં અને રાજીનામા આપ્યા છતાં તેમની નોકરીની સળંગતા, સાત્ત્યતા અકબંધ રાખીને રાજીનામાનો દેખાવ કરવામાં આવેલો જે હેઠળ કામદારોએ રાજીનામાં આપેલા તે પૈકી આ કામનાં કામદારે પણ રાજીનામાનાં તૈયાર કાગળ ઉપર સહી કરેલી પંરતુ તેનાંથી કંપનીની નોકરીમાંથી છુટ્ટા કરવાનાં ન હતા આમ, દેખાવ પુરતા રાજીનામાંથી કામદારોની નોકરીનો અંત ગણવાનો ન હતો તેમ છતાં કંપનીનાં માલીક ચંપકભાઈ એમ. પટેલ દ્વારા દગો આચરીને, વચન ભંગ કરીને કામદારોએ સ્વૈચ્છિક રાજીનામું આપી, સ્વૈચ્છાએ તેમનાં નોકરીનાં હકકોનું ફુલ એન્ડ ફાઈનલ પેમેન્ટ સ્વીકારી લીધું છે એમ ગણીને કામદાર સાથે દગો કરીને કંપનીના નોટીસ બોર્ડ ઉપર નોટીસ તા.08/11/2014નાં રોજથી કામદારની નોકરીનો ગેરકાયદેસર અંત લાવી દીધેલ છે અને તા.11/11/2014નાં રોજનો પત્ર લખીને કામદારે તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજથી સ્વૈચ્છાએ રાજીનામું આપી દીધું છે એમ બેવડી ચાલ અને દગાબાજી આચરેલ છે તેમ જણાવેલ છે.

(૧૫.૧) પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમનાં જવાબમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારે તા.૦૧/૧૧/૧૪નાં રોજ પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી સ્વૈચ્છાએ લેખિત રાજીનામું આપેલુ અને બાદમાં

તા.11/11/2014નાં રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકાર દ્વારા અપાયેલ રાજીનામું મંજુર કરેલ જેની જાણ બીજા પક્ષકારને કરવામાં આવેલી તેમ જણાવે છે. આ કામે બીજા પક્ષકાર કામદારની પ્રથમ પક્ષકાર દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં બીજા પક્ષકારે એ વાતનો સ્વીકાર કરેલ છે કે,

"એ વાત ખરી છે કે મને ગુજરાતી ભાષા લખતા અને વાંચતા સારી રીતે આવડે છે, મને નિશાની ૧૨/૧ બતાવવમાં આવે છે તેમાં મારી સહી છે તે અસલ રાજીનામું છે, નિશાની ૧૨/૨ બતાવવામાં આવે છે તેમાં જણાવેલ સરનામું સાચુ અને ખરૂ છે, નિશાની ૧૨/૪ બતાવવામાં આવે છે તે પોષ્ટ ખાતાની એકનોલોજમેન્ટ છે તેમા જે સહી છે તે મારા મમ્મી ગીતાબેનની છે, મારા રાજીનામામાં સહી ખોટી રીતે કરાવવા અંગે મેં પ્રથમ પક્ષકાર સંસ્થાને કોઈ નોટીસ આપેલી નથી કે મજુર કાયદા હેઠળનાં કોઈ સક્ષમ ઓથોરીટીને કે પોલીસમાં ફરીયાદ કરેલી નથી, માંગણા નિવેદન અને સરતપાસનાં સોંગદનામામાં જણાવેલી વિગતો અંગે કયાંય ફરીયાદ કરેલી નથી."

ઉપરોકત ઉલટ તપાસ લક્ષમાં લેતા બીજા પક્ષકાર રાજીનામામાં તેમની સહી ઓળખી બતાવે છે જેને આંક–૧૬ આપેલા છે અને નિશાની ૧૨/૨માં તેમનું સરનામું સાચુ અને ખરૂ જણાવે છે તેમજ નિશાની ૧૨/૪ની એકનોલોજમેન્ટમાં તેમની સહી ઓળખી બતાવે છે. નિશાની ૧૨/૨ એ રાજીનામું મંજુર કર્યા અંગેનો પત્ર છે જે બીજા પક્ષકારનાં સાચા અને ખરા સરનામે મોકલવામાં આવેલો છે રજી.એ.ડી. પોષ્ટ દ્વારા મોકલવામાં આવેલ છે અને બીજા પક્ષકારે સ્વીકારેલ છે નિશાની ૧૨/૪ નાં એકનોલોજમેન્ટમાં તેમનાં માતાની સહી ઓળખી બતાવે છે.

(૧૫.૨) પ્રથમ પક્ષકારનાં સાહેદ મનોજ ચંપકલાલ પટેલ તેમનાં સરતપાસનાં સોંગદનામામાં જણાવે છે કે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હતા અને પોતાનાં અંગત કારણોસર સ્વૈચ્છાએ રાજીખુશીથી પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજ લેખિત રાજીનામું આપેલ હતુ અને બીજા પક્ષકારનું રાજીનામું પ્રથમ પક્ષકાર દ્વારા સ્વીકારવામાં આવેલ હતુ અને તેની જાણ બીજા પક્ષકારને કરવામાં આવેલી, બીજા પક્ષકારે માંગણા નિવેદનમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.08/11/2014નાં રોજ નોકરીમાંથી છુટ્ટા કરેલ હોવાની ખોટી હકીકતો જણાવેલ છે. સદર સાહેદની બીજા પક્ષકાર તરફે કરવામાં આવેલી ઉલટ તપાસ મુખ્યત્વે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે બીજા પક્ષકાર તા.૦૨/૧૨/૨૦૧૧નાં રોજ થી હેલ્પર તરીકે રોજનાં રૂ.૨૫૩/–નાં પગારથી કામ કરતા હતા, બીજા પક્ષકાર કામદારનું પી.એફ. કાપતા હતા તેવો કોઈ

પુરાવો રજુ કરેલો નથી, એ વાત ખરી છે કે બીજા પક્ષકારે અમારે ત્યાં તા.૦૨/૧૨/૨૦૧૧ થી તા.૦૮/૧૧/૨૦૧૪ સુધી નોકરી કરેલ છે. નિશાની ૧૦/૦૬ અને ૧૦/૦૭ બતાવવામાં આવે છે તે લેબર ઓફીસરની હાજરીમાં સમાધાન કરેલુ તે ઝેરોક્ષ છે તેમાં મારા પપ્પાની સહી છે કામદારોની સહી છે અને લેબર ઓફીસરની સહી છે. નિશાની ૧૦/૧૦, ૧૦/૧૨ બતાવવામાં આવે છે તેમાં જણાવેલ કંપનીનું સરનામું બરાબર છે. આંક–૧૬ બતાવવામાં આવે છે તે જોઈને કહું છુ કે તે પત્ર ટાઈપ કરેલ છે તેમાં ખાલી જગ્યા ભરેલી છે, આ રાજીનામું મારી હાજરીમાં નથી આપવામાં આવેલુ, મને આંક–૧૭ બતાવવામાં આવે છે તે રાજીનામું સ્વીકારીને જાણ કરતો પત્ર છે.."

ઉપરોકત ઉલટ તપાસ તથા બીજા પક્ષકાર દ્વારા પ્રથમ પક્ષકારને સવાલ પુછવામાં આવેલ છે કે બીજા પક્ષકારનાં હાલનાં રેફરન્સ નં.૩૫ અને ૩૭/૨૦૧૫ સીવાય બધા કામદારોનાં પ્રિન્ટેડ રાજીનામામાં સહી લીધેલી ? તેવા સવાલનાં જવાબમાં પ્રથમ પક્ષકારે જવાબ આપેલ છે કે કામદારો રાજીનામામાં સહી કરીને અમારી ઓફીસમાં આપી ગયેલા અને અમે તેનો સ્વીકાર કરેલો છે. ઉપરોકત ઉલટ તપાસ જોતા અ કામનાં પ્રથમ પક્ષકાર દ્વારા દગો કરીને કે છળકપટ કરીને બીજા પક્ષકાર કામદારનું રાજીનામું લેવામાં આવેલ હોય તેવા કોઈ તથ્યો નીકળી આવતા નથી કે બીજા પક્ષકાર જણાવે છે કે પી.એફ. કમિશ્નરશ્રી સંસ્થા ઉપર કેસ ફાઈલ કરશે તેવા ભય થી સરકારી શ્રમ અધિકારીશ્રી સમક્ષ થયેલ ચર્ચા મુજબ કામદારોને રાજીનામા આપવા જણાવેલ હોય તેવું ઉલટ તપાસ દરમ્યાન ફલીત થતુ નથી.

(૧૫.૩) બીજા પક્ષકાર દ્વારા આંક–૧૦ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી રજુ કરવામાં આવેલા દસ્તાવેજો લક્ષમાં લેતા નિશાની ૧૦/૧ થી કામદારો યુનીયનમાં જોડાયા તે બાબતનાં પત્રની નકલ રજુ કરેલ છે, નિશાની ૧૦/૨ બીજા પક્ષકારનાં યુનીયને પ્રથમ પક્ષકારને લખેલ પત્ર, નિશાની ૧૦/૩ થી એકનોલોજમેન્ટ, નિશાની ૧૦/૪ થી પ્રથમ પક્ષકારે સમજુતી બાબતે લખેલ પત્રની નકલ, નિશાની ૧૦/૫ થી કામદારોએ લખેલ પત્ર, નિશાની ૧૦/૬ અને ૧૦/૭ થી અનુક્રમે લેબર ઓફીસર રાવલ સાહેબ અને નાયક સાહેબ સમક્ષ થયેલ સમાધાનની નકલ રજુ કરેલ છે, નિશાની ૧૦/૮ થી બીજા પક્ષકારનાં યુનીયને સરકારી મજુર અધિકારીશ્રીને લખેલ પત્રની નકલ, નિશાની ૧૦/૯ થી પ્રથમ પક્ષકારે નોટીસ બોર્ડ ઉપર મુકેલી નોટીસની નકલ, નિશાની ૧૦/૧૦ અને ૧૦/૧૨ થી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ અને નિશાની ૧૦/૧૧ અને ૧૦/૧૩ થી પ્રથમ પક્ષકરાને રજી. પોષ્ટ થી મોકલેલ તેની

મની રસીદની નકલ રજુ કરેલ છે. આ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા નિશાની ૧૦/૯ની નોટીસ પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમનાં નોટીસ બોર્ડ ઉપર તા.૦૭/૧૧/૨૦૧૪નાં રોજ જાહેર કરેલી છે જયારે આ કામનાં બીજા પક્ષકાર તેમનું રાજીનામું તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજનું છે અને નોટીસમાં એમ જણાવવામાં આવેલ છે કે, તા.૦૭/૧૧/૨૦૧૪નાં રોજ જે વર્કર કામ પર લાગ્યા વગર અને કોઈને જણાવ્યા વગર જતા રહેલ છે તેમને તા.૦૮/૧૧/૨૦૧૪નાં રોજ થી કંપનીમાં કામે લાગવાની મેનેજમેન્ટ તરફથી મનાઈ કરવામાં આવેલ છે જેનું લીસ્ટ નીચે મુજબ છે જેની બધા કામદાર ભાઈઓ નોંધ લેશો. આ પ્રકારની નોટીસમાં કોઈ લીસ્ટ રજુ કરવામાં આવેલ નથી જેમાં બીજા પક્ષકાર કામદારનું નામ છે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા થતી નથી. નિશાની ૧૦/૬નું લેબર ઓફીસર રાવલ સાહેબ સમક્ષ થયેલ સમાધાનની નકલ રજુ કરેલ છે આ સમાધાન લક્ષમાં લેતા સમાધાન તા.૨૦/૦૨/૨૦૧૪નાં રોજ થયેલ છે એક થી સાત માંગણીઓ જેમાં ગ્રુપ વીમો, ઈન્ક્રીમેન્ટ પગાર વધારો, પી.એફ., બોનસ, વ્યવસાય વેરો, પગાર નિયત સમયમાં કરવા, સેફટી સાધનો પ્રોવાઈડ કરવા અને કાયમી કામદારોને નિમણુંક પત્રો આપવા અંગે સમંતિ સધાઈ છે તે અંગેનું સમાધાન પત્ર છે તથા નિશાની ૧૦/૭નું લેબર ઓફીસર નાયક સાહેબ સમક્ષ થયેલ સમાધાન તા.૨૬/૦૫/૨૦૧૦નાં રોજનું છે જેમાં પણ ગ્રુપ ઈન્સ્યોરન્સ, મોઘવારી ભથ્થુ વિગેરે બાબતો અંગે કરાર થયેલ છે. ઉપરોકત રજુ થયેલા દસ્તાવેજો ઉપર થી બીજા પક્ષકાર જણાવે છે તે રીતે જેમ કે કામદારોનું પ્રોવીડન્ડ ફંડ કપાતુ ન હતુ, આ બાબતમાં કંપની અને કામદારો વચ્ચે થયેલી સમજુતીની રૂએ કામદારોએ દેખાવ પુરતા ખરી હકીકતમાં નહીં તે રીતે રાજીનામાં આપવાનાં અને રાજીનામા આપ્યા છતાં તેમની નોકરીની સળંગતા, સાતત્યતા અકબંધ રાખીને રાજીનામાનો દેખાવ કરવામાં આવેલો જે હેઠળ કામદારોએ રાજીનામાં આપેલા તે પૈકી આ કામનાં કામદારે પણ રાજીનામાનાં તૈયાર કાગળ ઉપર સહી કરેલી પંરતુ તેનાંથી કંપનીની નોકરીમાંથી છુટ્ટા કરવાનાં ન હતા આમ, દેખાવ પુરતા રાજીનામાંથી કામદારોની નોકરીનો અંત ગણવાનો ન હતો તેમ છતાં કંપનીનાં માલીક ચંપકભાઈ એમ. પટેલ દ્વારા દગો આચરીને, વચન ભંગ કરીને કામદારોએ સ્વૈચ્છિક રાજીનામું આપી, સ્વૈચ્છાએ તેમનાં નોકરીનાં હકકોનું ફુલ એન્ડ ફાઈનલ પેમેન્ટ સ્વીકારી લીધું છે એમ ગણીને કામદાર સાથે દગો કરીને કંપનીના નોટીસ બોર્ડ ઉપર નોટીસ તા.08/11/2014નાં રોજથી કામદારની નોકરીનો ગેરકાયદેસર અંત લાવી દીધેલ, પ્રથમ પક્ષકાર દ્વારા શું દગો ફટકો, છળ કપટ કરવામાં આવેલા તે સાબીત થતુ નથી અને તે અંગેનાં કોઈ દસ્તાવેજો પણ રજુ કરવામાં આવેલા નથી.

(૧૫.૪) આંક–૧૬નું રાજીનામું ગુજરાતીમાં છે, બીજા પક્ષકાર ગુજરાતી વાંચી લખી શકે છે અને સમજી શકે છે, રાજીનામામાં બીજા પક્ષકારે સહી ઓળખી બતાવેલ છે, રાજીનામું પ્રથમ પક્ષકાર સંસ્થાને ઉદ્દેશીને તા.૦૧/૧૧/૧૪નાં રોજ લખાયેલ છે, રાજીનામા હું મારા અંગત કારણોસર આપીન સંસ્થામાંથી રાજીખુશીથી રાજીનામું આપુ છુ તો મારૂ રાજીનામું સ્વીકાર કરી, મારી નોકરી દરમ્યાન મળવાપાત્ર તમામ હકક હિસ્સાનાં નાંણા સત્વરે ચુકવી આપવા વિનંતી કરેલ છે, ઉલટ તપાસ દરમ્યાન બીજા પક્ષકારે તેમની સહી ઓળખી બતાવેલ છે, પ્રથમ પક્ષકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે અને પ્રથમ પક્ષકાર માત્ર પી.એફ.નાં હેતુ માટે બીજા પક્ષકારનું રાજીનામું માંગી તેમની નોકરીનો ભોગ લઈ લેવામાં આવેલ હોય તેવું આ કામે રજુ થયેલા પુરાવાથી સાબતી થતુ નથી.

(૧૫.૫) બીજા પક્ષકાર તરફે દલીલમાં જણાવેલ છે કે, કાયદામાં આ પ્રકારે આપેલું રાજીનામું ગણી શકાય નહી અને કામદારની નોકરીનો અંત લાવવાનું કંપનીનું પગલું ગેરકાયદેસર ગણાય, રાજીનામું છપાવવામાં આવ્યુ છે અને તેમાં ખાલી જગ્યાઓ પુરીને જે તે કામદારની સહી લેવામાં આવી છે, આ કામદારોનાં સામુહીક રાજીનામાની વાત છે, નિશાની ૧૦/૬, ૧૦/૭ અને ૧૦/૮ ધ્યાનમાં લેતા કંપની પ્રોવીડન્ડ ફંડની રકમ કામદારોનાં પગારમાંથી કાપતી ન હતી તેથી અગાઉનાં વર્ષોનો ફાળો માલીકે ભરવાનાં આવે અને માલીકને દંડ કે પેનલ્ટી થાય તેમાંથી વચલો રસ્તો કાઢવાનાં ઈરાદે સરકારી મજુર અધિકારીશ્રી સમક્ષ સમાધાન કરીને તેનાં સંદર્ભમાં સામુહીક રાજીનામા સમજુતી કરીને લેવાયેલા કે તેનો ખરો અમલ કંપનીએ કરવાનો નથી, આ કંપનીને બચાવવા માટેની સમજુતી રૂપે રાજીનામા ગણવાનાં છે તેનાં બદલે કંપનીએ દગો ફટકો કરીને તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજ ખોટા રાજીનામાનો ઉપયોગ કરી તેનો અમલ કરી કામદારોની નોકરીનો ભોગ લીધેલો છે, નિશાની ૧૦/૯ વાળી નોટીસ તા.૦૭/૧૧/૨૦૧૪નાં રોજ મુકીને કામદારની નોકરીનો અંત સ્પષ્ટ શબ્દોમાં નોટીસ દ્વારા કર્યો છે અને નીચે મુજબનાં ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે. 1. *1991, LLR, Page No.671, Kerala High Court, T.P. Shivdas Vs. Kerala State Handloom Corporation.* પંરતુ બીજા પક્ષકાર તરફે આવો કોઈ ચુકાદો રજુ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર તરફે **2. 1993, LLR Page No.560, Madhya Pradesh High Court, Reva Sidhi Gramin Bank & Ors. Vs. Rajendra Prasad Saxena**. નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે On general principles, to withdraw his letter of resignation. In the present case, the intention of the plaintiff respondent was only to resign or relinquish his office after the period of three months with effect from November 22, 1982 and not earlier, He has not made any request or prayer to waive the conditions of payment of compensation pay able by

him in lieu of notice period. Consequently, the resignation accepted by the Chairman of the Bank gracefully waiving the period of notice at his discretion is contrary to Regulation 10 of Service Regulations, 1980. The lower appellate Court was, therefore, right in reversing the judgment of the trial Court.

ઉપરોક્ત ચુકાદામાં જણાવેલ છે કે રાજીનામું આપવામાં આવે અને અમલમાં આવે તે પહેલા કામદાર રાજીનામું પરત ખેંચી શકે છે પંરતુ હાલનાં કામમાં બીજા પક્ષકારનાં રાજીનામાનો અમલ થયા બાદ પરત ખેંચેલ છે જેથી ઉપરોક્ત ચુકાદો બીજા પક્ષકારને મદદરૂપ થતો નથી.

***3. Tata Robins Fraser Company Ltd. vs The Presiding Officer, Labour Court, Jamshedpur, 1990 LLR 10, 1989 (2) LLJ 443***

*When an employee who has resigned wants to bring his case within "otherwise terminated" to show that it was not given voluntarily although prima facie, it is a case of resignation, Court shall be required to "tear the veil" for this, the employee must give the particulars in the complaint to enable the other side to know what case he is to meet to "prevent surprise", as is generally said, during trial.*

**4. 2004 (102) FLR Page No.680, Jharkhand High Court, Rajendra Bhagat and Ors. Vs. The Labour Court and Ors.**

*13. .. Labour court to the effect that the order of termination was contrary to the provisions of Section 25 of the Industrial Disputes Act and unjustified, it would be deemed that the petitioners were always in service and therefore, they would be entitled to all benefits that are asscociated with continuous service. The petitioners, having already been held to be permanent employees of the Management, the denial of back wages to them was neither fair nor proper.*

ઉપરોક્ત ચુકાદામાં આઈ.ડી. એકટની કલમ–૨૫ અંગેનો છે જેમાં નામ. હાઈકોર્ટ દ્વારા બેક વેજીસ અંગેની છણાવટ કરેલી છે અને હાલનાં કામે રાજીનામા અંગેનો ન્યાય–નિર્ણય કરવાનો હોય જેથી ઉપરોક્ત ચુકાદો આ કામે બીજા પક્ષકારને મદદરૂપ થતો નથી.

**5. 2003 (4) LLN 315, Gujarat High Court, University Granth Nirman Board Vs. Udesinh Togaji Solanki.**

નામ. ગુજરાત હાઈકોર્ટનો ઉપરોક્ત ચુકાદો આઈ.ડી. એકટની કલમ–૧૭(બી) અંગેનો છે જેમાં નામ. હાઈકોર્ટમાં કાર્યવાહી નિકાલ બાકીનાં કામદારને પુરેપુરૂ વેતન આપવા બાબતનાં સિધ્ધાંતો સ્થાપિત કરેલા છે અને હાલનો કેસ રાજીનામા અંગેનો છે જેથી ઉપરોક્ત ચુકાદો આ કામે બીજા પક્ષકારને મદદરૂપ થતો નથી.

**6. 1997 LIC Page No.2040, Punjab & Haryana High Court, Jagmalsing Vs. Presiding Officer, Labour Court, Haryana, Rohatak**

7. ***1995 LLR 247, Bombay High Court, Sundar Lal Dhanraj Kasliwal vs. Karmaveer Kakasaheb Wagh Sakhar Ltd & Ors.***

(૧૫.૬) આ કામે પ્રથમ પક્ષકાર દ્વારા તેમની દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરવામાં આવેલા છે.

1. **1990 Lab. I.C. 1511, M/s J.K. Cotton Spg. Wvg. Mills Company Ltd. Kanpur Vs. Vs. State of U.P. & Anr.**

*8. In the present case the employee's request contained in the letter of resignation was accepted by the employer and that brought an end to the contract of service. The meaning of term 'resign' as found in the Shorter Oxford Dictionary includes 'retirement'. Therefore, when an employee voluntarily tenders his resignation it is an act by which he voluntarily gives up his job. We are, therefore, of the opinion that such a situation would be covered by the expression 'voluntary retirement' within the meaning of clause (I) of Section 2(s) of the State Act. In Santosh Gupta's case (1980 Lab IC 687) (SC) Chinnappa Reddy, J. observed as under (at p.689 of Lab IC) :*

*Voluntary retirement of a workman or the retrenchment of the workman on reaching the age of superannuation can hardly be described as termination, by the employer of the service of a workman. (Heare the word 'retrenchment' has reference to retirement). The above observation clearly supports the view which commends to us. We are, therefore, of the opinion that the High Court was not right in concluding that because the employer accepted the resignation offer voluntarily made by the employee, he terminated the service of the employee and such termination, therefore, fell within the expression 'retirement' rendering him liable to compensate the employee under Section 6N. We are also of the view that this was a case of 'voluntary retirement' within the meaning of the first exception to Section 2(s) and therefore the question of grant of compensation under Section 6N does not arise.*

2. **2003 LLR 147, Bombay High Court, Laffans Indai Pvt. Ltd. Vs. Pancham Singh Rawat & Another.**

A. RESIGNATION- Of a worker- when it is voluntary by workman- on its acceptance- The workman has raised an alarm or protest- he has neither informed to the union nor the government Labour Officer- allegation that his Signature was taken on blank paper-Not tenable.

B. RESIGNATION- Of a worker- when it is voluntary and not- When not obtained by force- workman resigned on 17.12.93- its acceptance was informed to him on 22.12.93- no protest till 1.4.94 when he raised a demand of retirement- Thus it cannot be alleged that resignation was forced.

C. INDUSTRIAL ADJUDICATION- When the Labour Court made contradictory finding- initially the Labour Court found the resignation to be Voluntary- However, later on held it to be force one- Awarded Rs. 1,25,000 as compensation to workman in lieu of retrenchment- Writ petition

filled by the management- High Court set aside a award of Labour Court after holding that it cannot stand scrutiny even for a minute and is perverse.

**3. 2008 LLR 56, Rajasthan High Court, Manager, M/s Selection Synthetics Ltd. Vs. Labour Court, Bhilwara and Another.**

8. The only question that remained to be considered is whether the resignation letter was given voluntarily or under any coercion of undue influence. In that event it was for the workman to show that what sort of coercion or undue influence was practised which could have led him to render his resignation letter. For drawing adverse inference against the management, the Labour Court has also emphasised the fact that person, who has accepted the resignation letter has not been produced. We have also noticed above that the Labour Manager has clearly stated that the resignation letter was accepted by the General Manager. Thus, it is also not only a case of misdirecting in law about the burden of proof but misreading of clear evidence on record. Therefore the finding recorded by the Labour Court stands vitiated. A perusal of the evidence produced by the workman shows that he has not led any evidence about any sort of undue inference that has been practised upon him for submitting the resignation.

**4. 2006 III CLR 674, Supreme Court of India, Chand Mal Chayal Vs. State of Rajasthan.**

**5. 2003 LLR 583, Supreme Court of India, North Zone Cultural Centre & Anr. Vs. Vedpathi Dinesh Kumar.**

(૧૫.૭) ઉપરોકત બન્ને પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવેલા ચુકાદાઓ લક્ષમાં લેતા જયારે કામદારનાં રાજીનામાનો સ્વીકાર કરવામાં આવે તે પહેલા તેઓ રાજીનામું પરત ખેંચવા હકકદાર રહે છે તેવું ઠરાવવામાં આવેલ છે એક વખત રાજીનામું આપ્યા બાદ તેનો સ્વીકાર કરવામાં આવે તો તે પછી તે રાજીનામું પરત ખેંચી શકાય નહી. આ કામે બીજા પક્ષકાર કામદાર એમ જણાવે છે કે તેમનું રાજીનામું દગો કરીને લેવામાં આવેલ છે તો કામદારે તે બનાવ બાદ લીધેલા પગલા અથવા કામદારનું વર્તન ધ્યાને લેવાનું હોય છે. જેમ કે કામદારે પોલીસમાં આપેલ ફરીયાદ, નોટીસ કે અન્ય કોઈ કાર્યવાહી ધ્યાને લેવાની રહે છે તેમજ જો કામદાર દ્વારા આપેલા રાજીનામા આધારે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટની રકમ તેઓએ કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વીકારેલ હોય તો તેમની નોકરીનાં અંતને છટણી ગણવામાં આવેલ નથી.રાજીનામું આપીને છુટ્ટા થવાને સ્વૈચ્છાપુર્વકની નિવૃતી ગણી શકાય છે.

(૧૫.૮) આ કામનાં બન્ને પક્ષકારોની દલીલોને લક્ષમાં લઈ આ કેસનું રેકર્ડ વંચાણે લેવામાં આવે તો બીજા પક્ષકાર તેમનાં માંગણા નિવેદનમાં જણાવે છે કે, પ્રથમ પક્ષકાર કંપનીએ કંપનીમાં કામ કરતા કામદારો સાથે દગો કરીને કંપનીના નોટીસ બોર્ડ ઉપર નોટીસ મુકીને તા.૦૮/૧૧/૨૦૧૪ના રોજથી કામદારની નોકરીનો ગેરકાયદેસર અંત લાવી દીધો છે. જે સામે પ્રથમ પક્ષકાર તેમનાં લેખીત જવાબમાં જણાવે છે કે, બીજા પક્ષકારે તા.૦૧/૧૧/૨૦૧૪ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાંથી સ્વૈચ્છાએ લેખિત રાજીનામું આપેલ હતું અને ત્યારબાદ ૧૧/૧૧/૨૦૧૪ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી બીજા પક્ષકારે આપેલ રાજીનામું મંજુર કર્યુ હતુ. આમ, બન્ને સંજોગોમાં બીજા પક્ષકારની નોકરીનો અંત આવેલ છે. જે અંગે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(ઓઓ) વંચાણે લેતા તે નીચે મુજબ છે.

<u>**કલમ–૨(ઓઓ) :– છટણીની વ્યાખ્યા:–**</u>

એટલે, શિસ્તનાં પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

**એ. કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃતિ અથવા**

બી. માલિક અને સબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિવયે પહોંચતાં કામદારની નિવૃતિ અથવા

બીબી. માલિક અને સબંધિત કામદાર વચ્ચેનાં રોજગાર કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરી સમાપ્તિ અથવા

સી. માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ.

(૧૫.૯) ઉપરોકત છટણીની વ્યાખ્યામાં શિસ્તનાં પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સીવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે અને તેમાં કઈ બાબતોનો સમાવેશ થતો નથી તેવું જણાવેલ છે. આ વ્યાખ્યાને હાલનાં કેસની હકીકત સાથે વંચાણે લેવામાં આવે તો બીજા પક્ષકાર કામદાર તેમનાં આંક–૧૧નાં પુરાવા સોંગદનામામાં જણાવે છે કે, કામદારોનું પ્રોવીડન્ડ ફંડ કપાતુ ન હતુ, આ બાબતમાં કંપની અને કામદારો વચ્ચે થયેલી સમજુતીની રૂએ કામદારોએ દેખાવ પુરતા ખરી હકીકતમાં નહીં તે રીતે રાજીનામાં આપવાનાં અને રાજીનામા આપ્યા છતાં તેમની નોકરીની સળંગતા, સાતત્યતા અકબંધ રાખીને રાજીનામાનો દેખાવ

કરવામાં આવેલો જે હેઠળ કામદારોએ રાજીનામાં આપેલા તે પૈકી આ કામનાં કામદારે પણ રાજીનામાનાં તૈયાર કાગળ ઉપર સહી કરેલી પંરતુ તેનાંથી કંપનીની નોકરીમાંથી છુટ્ટા કરવાનાં ન હતા આમ, દેખાવ પુરતા રાજીનામાંથી કામદારોની નોકરીનો અંત ગણવાનો ન હતો તેમ છતાં કંપનીનાં માલીક ચંપકભાઈ એમ. પટેલ દ્વારા દગો આચરીને, વચન ભંગ કરીને કામદારોએ સ્વૈચ્છિક રાજીનામું આપી, સ્વૈચ્છાએ તેમનાં નોકરીનાં હકકોનું ફુલ એન્ડ ફાઈનલ પેમેન્ટ સ્વીકારી લીધું છે એમ ગણીને કામદાર સાથે દગો કરીને કંપનીના નોટીસ બોર્ડ ઉપર નોટીસ તા.08/11/2014નાં રોજથી કામદારની નોકરીનો ગેરકાયદેસર અંત લાવી દીધેલ. જે સામે પ્રથમ પક્ષકારની તકરાર છે કે બીજા પક્ષકારે સ્વૈચ્છિક રાજીનામું આપેલ છે. આમ, બીજા પક્ષકારની નોકરીનો અંત આવેલ છે. જે બાબતે ઔદ્યોગિક વિવાદ અધિનીયમની કલમ–૨(ઓઓ) વંચાણે લેવામાં આવે તો તેમાં શિસ્તનાં પગલા તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સીવાય બીજી ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિને છટણી ગણવામાં આવેલ છે. જે બાબતે ગમે તે કારણસર (for any reason whatsoever) શબ્દનું અર્થઘટન વ્યાપક અર્થમાં કરવામાં આવેલ છે. જેથી જો કોઈ કામદારને કોઈપણ કારણસર નોકરીમાંથી છુટ્ટા કરવામાં આવે તો તેને છટણી ગણવામાં આવે છે. જેમાં કેટલાક અપવાદ રાખવામાં આવેલ છે. જે પૈકી જો કોઈ અપવાદનો બચાવ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા લેવામાં આવેલ હોય તો તે અપવાદને સાબીત કરવાની સંપુર્ણ જવાબદારી પ્રથમ પક્ષકાર ઉપર રહેલ છે. જેથી બીજા પક્ષકાર કામદારે તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજ તેમની નોકરીનો સ્વૈચ્છીક રાજીનામું આપી ત્યાગ કરેલ છે તેવું પુરવાર કરવાનો બોજો પ્રથમ પક્ષકાર ઉપર રહેલો છે અને ઉપરોકત ચર્ચાનાં અંતે જયારે બીજા પક્ષકારે રાજીનામામાં તેમની સહી ઓળખી બતાવેલ હોય ત્યારે એવું સાબીત થાય છે કે બીજા પક્ષકારે રાજીનામું આપેલું છે હવે, આ રાજીનામા બાદ બન્ને પક્ષકારોની વર્તણુંક લક્ષમાં લેવી જરૂરી છે.

**<u>શું બીજા પક્ષકારનું રાજીનામું દગો કરીને લેવામાં આવેલ હતુ ?</u>**

(૧૫.૧૦) આ કામનાં બીજા પક્ષકારે તેમનાં માંગણા નિવેદન અને પુરાવા સોંગદનામામાં જણાવે છે કે, યુનિયન દ્વારા મજુર કાયદાઓના ભંગ બાબત જેમકે પ્રોવીડંટ ફંડનો કાયદો કંપનીમાં લાગુ પડતો હોવા છતાં કામદારોને પ્રોવીડંન્ટ ફંડના સભ્ય બનાવવામાં આવેલા નહી અને કામદારોનું પ્રોવીડંટ ફંડ કપાતું ન હતું. આ બાબતમાં એક સમજુતી કામદારો અને કંપની વચ્ચે થયેલી જેની રૂએ કામદારોએ દેખાવ પુરતા ખરી હકીકતમાં નહી તે રીતે રાજીનામાં આપવાના અને રાજીનામા આપ્યા છતાં તેમની નોકરીની સળંગતા સાતત્યતા કન્ટીન્યુટી અકબંધ રાખીને રાજીનામાનો દેખાવ કરવામાં આવેલો જે હેઠળ કામદારોએ રાજીનામા આપેલા તે પૈકી આ કામના કામદારે પણ રાજીનામાના તૈયાર કાગળ ઉપર સહી

કરેલી પરંતુ તેનાથી કંપનીની નોકરીમાંથી કામદારોને છુટા કરવાના ન હોતા. આમ આવા દેખાવ પુરતા રાજીનામાથી કામદારોના અને આ કામદારની નોકરીનો અંત ગણવાનો ન હોતો તેમ છતાં કંપનીના માલિક ચંપકભાઈ એમ. પટેલ, તરફથી દગો આદરીને, વચન ભંગ કરીને કામદારે સ્વેચ્છાએ નોકરીમાંથી રાજીનામું આપી દીધુ છે અને કામદારે સ્વેચ્છાએ તેમના નોકરીના હકકોનુ ફુલ અને ફાઈનલ પેમેન્ટ સ્વીકારી લીધું છે એમ ગણીને કામદાર સાથે દગો કરીને કંપનીના નોટીસ બોર્ડ ઉપર નોટીસ મુકીને તા.૦૮/૧૧/૨૦૧૪ના રોજથી કામદારની નોકરીનો ગેરકાયદેસર અંત લાવી દીધો છે. આમ, બીજા પક્ષકાર દ્વારા તકરાર લેવામાં આવેલી છે કે, પ્રથમ પક્ષકાર કંપનીમાં પ્રોવીડન્ડ ફંડ કપાતું ન હતુ અને તે અંગે કામદારો અને કંપની વચ્ચે સમજુતીનાં ભાગરૂપે કામદારોએ રાજીનામા ઉપર સહીઓ કરેલી. પંરતુ ત્યારબાદ બીજા પક્ષકારે તેમનું રાજીનામું દગો કરીને લખાવી લેવામાં આવેલ હતુ તે બાબતની કોઈ ફરીયાદ પોલીસમાં કે સક્ષમ ઓથોરીટીમાં કરેલ નથી. વધુમાં બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી મેળવેલ હકક–હિસ્સની રકમ પણ સંસ્થાને પરત કરેલ નથી કે કોર્ટમાં જમા કરાવેલ નથી. વધુમાં બીજા પક્ષકારે તેમનું રાજીનામું સ્વીકારાય તે પહેલા પરત ખેંચી લેવા માટે કોઈ પત્ર પણ કંપનીને લખેલ નથી જે બીજા પક્ષકારનાં વર્તન ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે બીજા પક્ષકારનું રાજીનામું પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા દગો કરીને લેવામાં આવેલ હોવાનું જણાઈ આવતું નથી.

(૧૫.૧૦.૧) વધુમાં આ કામનાં બીજા પક્ષકારે રાજીનામુ આપ્યા પછી તેનાં બાકી નીકળતા હકક–હિસ્સાની રકમ સ્વીકારી લીધેલી કે કેમ તે અંગે બન્ને પક્ષોએ મોઘમતા સેવેલ છે. પ્રથમ પક્ષકારની બીજા પક્ષકાર દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં પ્રથમ પક્ષકારે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, *રાજીનામાનાં સ્વીકાર પછી અમે કામદારોને તેમનાં હકક–હિસ્સા ચુકવેલા છે, તેવા કોઈ દસ્તાવેજો આ કામે રજુ કરેલા છે કે કેમ તેવા સવાલનાં જવાબમાં જણાવું છુ કે, ફાઈનલ હિસાબની રસીદ આપેલી છે, આવી રસીદ આ કામમાં રજુ કરેલી નથી અમે આ કામદારને પૈસા ચુકવેલા છે તેવી રસીદ આવતી મુદતે રજુ કરી આપીશુ.* બાદમાં પ્રથમ પક્ષકાર દ્વારા આવી કોઈ રસીદ આ કામે રજુ કરવામાં આવેલી નથી. પ્રથમ પક્ષકાર કંપની તરફે બીજા પક્ષકાર કામદાર તરફે પણ ફુલ એન્ડ ફાઈનલ પેમેન્ટ આપવા કે સ્વીકારવા સંબધે કોઈ દસ્તાવેજો આ કામે રજુ કરવામાં આવેલા નથી જે વર્તણુંક પણ લક્ષમાં લેવી જોઈએ. બીજા પક્ષકાર કામદાર દ્વારા ફુલ એન્ડ ફાઈનલ પેમેન્ટ પ્રથમ પક્ષકાર દ્વારા ચુકવવામાં આવેલ નથી તે અંગે પણ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૧૫.૧૧) ઉપરોક્ત કરવામાં આવેલી ચર્ચાનાં અનુસંધાને આ કામનાં બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર કંપનીમાંથી આંક–૧૬નું રાજીનામું સ્વૈચ્છાપુર્વકનું હોય, બીજા પક્ષકાર દ્વારા આ રાજીનામા સામે પોલીસમાં કે અન્ય કોઈ જગ્યાએ સક્ષમ ઓથોરીટી સમક્ષ ફરીયાદ કરવામાં આવેલી નથી બીજા પક્ષકાર દ્વારા આપવામાં આવેલું રાજીનામું પ્રથમ પક્ષકાર દ્વારા સ્વીકારવામાં આવેલ છે અને તેની જાણ બીજા પક્ષકારને કરવામાં આવેલ છે જેથી આ સંજોગોમાં બીજા પક્ષકાર કામદારે નોકરીનો સ્વૈચ્છાએ ત્યાગ કર્યો છે તેવું અનુમાન કરી શકાય તેમ છે. જેથી બીજા પક્ષકાર કામદારે તેમની નોકરીનો સ્વૈચ્છિક ત્યાગ કરેલ છે તેવું પ્રથમ પક્ષકાર પુરવાર કરી શકેલા છે જેથી <u>મુદા નં. ૨નો જવાબ હકારમાં</u> આપું છુ.

**<u>મુદ્દા નં. ૩:–</u>**

| |
|---|
| શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ પણ જાતની સદર અધિનીયમની જોગવાઈઓને અનુસર્યા સીવાય બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટ્ટા કરેલ છે ? |

(૧૬) મુદા નં. ૩ બાબતે બીજા પક્ષકારે પુરવાર કરવાનું રહે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ પણ જાતની સદર અધિનીયમની જોગવાઈઓ અનુસર્યા સીવાય બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટ્ટા કરેલ છે. જે બાબતે બીજા પક્ષકાર તેમનાં માંગણા નિવેદનમાં જણાવે છે કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર કંપનીએ તા.૦૮/૧૧/૨૦૧૪નાં રોજ ગેરકાયદેસર રીતે નોટીસ બોર્ડ ઉપર નોટીસ થી છુટ્ટા કરેલ છે. જે સામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, બીજા પક્ષકાર કામદારે તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજ પ્રથમ પક્ષકાર કંપનીની નોકરીમાંથી સ્વૈચ્છિક, રાજીખુશી થી રાજીનામું આપેલ હતુ. જે બાબતે ઉપરોક્ત મુદામાં ચર્ચા કર્યા અનુસારા પ્રથમ પક્ષકાર સંસ્થા સાબીત કરી શકેલ છે કે બીજા પક્ષકારે સ્વૈચ્છિક રીતે તેમની નોકરીનો રાજીનામું આપી ત્યાગ કરેલ છે તેવા સંજોગોમાં બીજા પક્ષકારની છટણી કરવામાં આવેલી હતી તેવું ઠેરવી શકાય નહીં. આ સંજોગોમાં બીજા પક્ષકારની નોકરીનો અંત લાવતા પહેલા પ્રથમ પક્ષકાર કંપનીએ ઔદ્યોગિક વિવાદ અધિનીયમની કલમ–૨૫(એફ) અંગેની કાર્યવાહી કરવાની જરૂર રહેતી નથી. આમ, આ કામનાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈપણ જાતની ઔદ્યોગિક વિવાદ અધિનીયમની જોગવાઈઓ અનુસર્યા સીવાય બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટ્ટા કરેલ છે તેવું બીજા પક્ષકાર પુરવાર કરી શકેલા ન હોય જેથી <u>મુદા નં.૩નો જવાબ નકારમાં</u> આપુ છુ.

**<u>મુદ્દા નં. ૪:–</u>**

| |
|---|
| શું બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનાં પુરા પગાર સહીત નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે ? |

(૧૭) મુદા નં.૪ બાબતે બીજા પક્ષકાર કામદારે પુરવાર કરવાનં રહે છે કે, બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનાં પગાર સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર છે કે કેમ તે મુદો બીજા પક્ષકારે સાબીત કરવાનો રહે છે. આ કામે ઉપરોકત મુદામાં જણાવ્યા મુજબ બીજા પક્ષકાર કામદાર સળંગ નોકરીમાં હતા તેવું પુરવાર થયેલ છે પંરતુ બીજા પક્ષકાર કામદારે તા.૦૧/૧૧/૨૦૧૪નાં રોજ સ્વૈચ્છિક રીતે રાજીનામું આપી તેમની નોકરીનો ત્યાગ કરેલ છે અને બીજા પક્ષકારની નોકરી દરમ્યાનનાં હકક–હિસ્સાની રકમ પણ પ્રથમ પક્ષકાર કંપની દ્વારા ચુકવવામાં આવેલ છે. જેથી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટ્ટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય કાયદેસરનું જણાય આવેલ છે, બીજા પક્ષકારને હકક–હિસ્સાની રકમ અંગે કે યોગ્ય રકમ હતી કે કેમ તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે તે અંગે બન્ને પક્ષકારો દ્વારા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો નથી. આમ, જયારે બીજા પક્ષકાર કામદારે તેમની નોકરીનો સ્વૈચ્છિક રીતે રાજીનામું આપી ત્યાગ કરી તેમનાં હકક–હિસ્સાની રકમ મેળવેલ હોય તેવા સંજોગોમાં બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં પડેલા દિવસોનાં પગાર સાથે પુનઃસ્થાપિત થવા હકકદાર થતા નથી. જેથી ઉપરોકત ચર્ચાનાં અંતે <u>મુદા નં. ૪નો જવાબ નકારમાં</u> આપી મુદા નં. ૫ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**<u>–: હુ ક મ :–</u>**

૧: બીજા પક્ષકાર કામદારનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

૨: બન્ને પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ પોતે ભોગવવોનો રહેશે.

(ગુલાબ ટાભાભાઈ સોલંકી)
GJ01292
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત, વલસાડ.

સ્થળ:વલસાડ.
તા.૩૧/૦૩/૨૦૨૨.